# પરમ પૂજ્ય મહંત સ્વામી
# સ્વામીશ્રી કેશવજીવનદાસજી

જગવિખ્યાત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના અધ્યક્ષ અને અસંખ્ય લોકોના પ્રેરણામૂર્તિ ગુરુદેવ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે બિરાજ્યા છે – પરમ પૂજ્ય મહંત સ્વામી, જેમનું દીક્ષિત નામ છે – સાધુ કેશવજીવનદાસ.

મૂળ ચરોતર પ્રદેશના આણંદના વતની અને વ્યવસાય માટે મધ્યપ્રદેશમાં જબલપુર સ્થાયી થયેલા પાટીદાર શ્રી મણિભાઈ નારણભાઈ પટેલ અને ડાહીબાના ખોળે તેમનો જન્મ જબલપુરમાં તા. 13-9-1933ના રોજ થયો હતો. યોગાનુયોગ આ બાળકના જન્મ સમયના થોડા જ દિવસો બાદ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સંસ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ જબલપુર પધાર્યા હતા. તેમણે આ નવજાત શિશુ પર આશીર્વાદ વરસાવતાં તેનું નામ 'કેશવ' આપ્યું હતું. જો કે પરિવારજનો બાળકને તેના હુલામણા નામ 'વિનુ' તરીકે બોલાવતા હોવાથી, એ જ લાડકવાયું નામ સૌની જીભે કાયમ રહ્યું.

જબલપુરમાં ઉછેર અને પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ બાદ કેમ્બ્રીજની ડિગ્રી પામેલા વિનુભાઈ સ્થાનિક અંગ્રેજી માધ્યમની શાળામાં એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે સૌના પ્રિય બન્યા હતા.

સન 1951-52માં તેઓને પોતાના વતન આણંદમાં જ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના આધ્યાત્મિક અનુગામી અને બી.એ.પી.એસ. સંસ્થાના દ્વિતીય સૂત્રધાર ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો યોગ થયો. એક પ્રખર તર્કશીલ અને બૌદ્ધિક અભિગમ ધરાવતા વિનુભાઈના હૈયે અધ્યાત્મ ધર્મબીજ પડ્યાં હોવા છતાં, એમના હૃદયને એવા મહાન ગુરુદેવની અપેક્ષા હતી જે એમની તર્કશીલ બુદ્ધિમત્તાને સંતુષ્ટ કરે. પરંતુ યોગીજી મહારાજની દિવ્ય આધ્યાત્મિક પ્રતિભા અને નિર્વ્યાજ વાત્સલ્ય વર્ષાએ એમને એવી દિવ્ય અનુભૂતિ કરાવી, જે તર્કથી અનેકશઃ ઉપર હતી. યોગીજી મહારાજે એમના હૃદયને દિવ્યતાથી ઝંકૃત કરી દીધું અને તેઓ સદાને માટે યોગીજી મહારાજના સમર્પિત શિષ્ય બની રહ્યા. યોગીજી મહારાજની એ પ્રેમવર્ષાએ એમને સાધુદીક્ષા લેવા માટે પ્રેર્યા.

સન 1956માં આણંદ ખાતે એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીમાંથી સાયન્સ ગ્રેજ્યુએશન પૂર્ણ કરી તેઓ યોગીજી મહારાજનાં ચરણે સમર્પિત થઈ ગયા. 1957માં વસંતપંચમીએ યોગીજી મહારાજે તેમને પાર્ષદી દીક્ષા આપી, વિનુભગત નામ ધારણ કરાવ્યું અને પોતાની સાથે વિચરણ તથા પત્રલેખનની સેવામાં જોડ્યા.

સન 1961માં તીર્થધામ ગઢડા ખાતે યોગીજી મહારાજે એક સાથે 51 સુશિક્ષિત નવયુવાનોને ભાગવતી દીક્ષા આપી ત્યારે વિનુભગતને ‘કેશવજીવનદાસ સ્વામી’ નામ ધારણ કરાવ્યું. એ સમયે સૌને, શાસ્ત્રીજી મહારાજે બાળવયે તેમને આપેલા ‘કેશવ’ નામનું અનુસંધાન સ્વતઃ જોડાઈ ગયું!

આ નવદીક્ષિત 51 યુવાનોને યોગીજી મહારાજે મુંબઈ ખાતે સંસ્કૃતના અધ્યયન માટે મૂક્યા ત્યારે એ સૌના મહંત તરીકે કેશવજીવનદાસ સ્વામીને મૂક્યા, ત્યારથી તેઓ 'મહંત સ્વામી'ના નામે સૌમાં વિશેષ આદરણીય બન્યા.

તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રતા, સરળતા ને બુદ્ધિમત્તા વગેરે અનેક સદગુણો અને સેવામય જીવનથી તેઓ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની સતત પ્રસન્નતા પામતા રહ્યા.

સન 1971માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે અક્ષરધામ-ગમન કર્યું, ત્યાર બાદ તેમના આધ્યાત્મિક અનુગામી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજમાં એવા જ ગુરુભાવ સાથે સમર્પિત થઈને રહ્યા. સન 1951થી તેઓ પ્રમુખસ્વામી મહારાજની પવિત્ર સાધુતા, અહંશૂન્ય અને સરળ ભગવન્મયતાથી પ્રભાવિત હતા જ, પરંતુ સન 1971થી તેઓ યોગીજી મહારાજના અનન્ય સ્વરૂપ તરીકે પ્રમુખસ્વામી મહારાજને નિહાળતા રહ્યા અને તેમની આજ્ઞાનુસાર દેશ-વિદેશમાં સત્સંગ-પ્રેરણા માટે વિચરતા રહ્યા.

પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર તેમણે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેક સેવા-પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડીને સેવકભાવે અનન્ય સેવાઓ આપી. સંસ્થાના વિરાટ આંતરરાષ્ટ્રીય મહોત્સવ, અક્ષરધામ જેવાં મહાન સર્જનો, બાળ-યુવા પ્રવૃત્તિઓ વગેરેમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે.

તેમનાં ગહન ચિંતનશીલ વ્યાખ્યાનોએ લાખો લોકોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે. તેમની ભગવન્મય પ્રતિભા અને સાધુતાએ અનેક લોકોનાં જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે.

તા. 20-7-2012ના રોજ અમદાવાદ ખાતે સંસ્થાના વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં પ્રમુખસ્વામી મહારાજે તેઓને પોતાના ભાવિ ઉત્તરાધિકારી તરીકે સ્થાપીને તેમને ભગવાન શ્રી સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના છઠ્ઠા ગુરુદેવ તરીકે આદરણીય સ્થાન આપ્યું છે.

આથી, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે વિસ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલ-વૃદ્ધ ભક્તોના ગુરુદેવ તરીકે તેઓ સૌના વંદનીય આદર્શ બની રહ્યા છે.